# પ્રકરણ –1

# સમસ્યાકથન અને શબ્દોની વ્યાખ્યા

1.1 પ્રસ્તાવના

1.2 સમસ્યાકથન અને શબ્દોની વ્યાખ્યા

1.2.1 દક્ષિણ ગુજરાત

1.2.2 માધ્યમિક વિદ્યાલયો

1.2.3 સંસ્કૃત

1.2.4 વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિઓ

1.3 સંશોધનના હેતુઓ

1.4 સંશોધનના પ્રશ્નો

1.5 સંશોધનનું મહત્ત્વ

1.6 સંશોધનનું સીમાંકન

1.7 આગામી પ્રકરણોનું આયોજન

# પ્રકરણ –1
# સમસ્યાકથન અને શબ્દોની વ્યાખ્યા

## 1.1 પ્રસ્તાવના

ભાષા એ મરજિયાત ધ્વનિ સંકેતોની વ્યવસ્થા છે, જેના વડે પ્રત્યેક જૂથના સભ્યો પરસ્પર પ્રત્યાયન–વ્યવહાર ચલાવે છે. આ ભાષાની વ્યાખ્યા છે, અર્થાત્ Arbitraty Vocal Symbols. Arbitrary Vocal એટલે ભાષા. અર્થાત્ મનુષ્યના મુખ વિવરમાંથી પ્રગટતો તેના બોલવાના અવાજને જુદા–જુદા ક્રમાદિમાં ગોઠવીને રચવામાં આવેલો શબ્દ અને Symbol સંકેત એટલે તેવા શબ્દને આપવામાં આવેલો અર્થ. આ વ્યાખ્યામાં Arbitrary અર્થાત્ 'મરજિયાત' અથવા 'એક પક્ષી' શબ્દ ખૂબ મહત્ત્વનો છે. માટે જ શેક્સપિયરે કહ્યું છે કે, if you call rose by any other name would smell as sweet - ગુલાબને બીજું ગમે તે નામ આપો, તો પણ એટલી જ મધુર સુગંધ એ પ્રસરાવવાનું જ.

ભાષા શબ્દ મૂળ સંસ્કૃતના **'भाष्'** ધાતુ ઉપરથી બન્યો છે, જે વ્યક્તિ વાણી તરીકે ઓળખાય છે. ભાષાની વ્યાખ્યા આ પ્રમાણે છે :

**"भाषा अपने व्यापक रुपमें वह साधन है कि जिसके माध्यम से हम सोचते हैं तथा विचारों या भावों को व्यक्त करते हैं ।"[1]**

સર્વે ભાષાઓની વિષયોની જનની તે સંસ્કૃત ભાષા. આ રીતે સંસ્કૃત ભાષા સર્વ ભાષાઓથી પુરાતન, પ્રાચીન છે.

'ભગવદ્ગોમંડલ' નામના ગ્રંથમાં ભગવતસિંહજી (1955) એ સંસ્કૃત શબ્દના વિવિધ અર્થો દર્શાવ્યા છે, જે આ પ્રમાણે છે :

**"संस्कृत = सम् + कृ + त् । જેમાં सम् એટલે સારી રીતે, कृ એટલે કરવું, त् એ ભૂતકૃદંતનો પ્રત્યય છે. તેથી સારી રીતે કરવું તે સંસ્કૃત ભાષા. સંસ્કૃતનો એક અર્થ 'સંસ્કાર' થાય છે. એ રીતે 'સંસ્કાર' આપેલું કે 'સંસ્કાર' પામેલું આ અર્થમાં સંસ્કાર ફેલાવનારી ભાષા તે સંસ્કૃત ભાષા. શણગારેલું, ચોખ્ખું કરેલું, પવિત્ર બનાવેલું તે સંસ્કૃત ભાષા. શુદ્ધ સંસ્કાર પામેલી શિષ્ટ વર્ગની ભાષા તે સંસ્કૃત ભાષા. દેવવાણી, ગીર્વાણવાણી, સુરવાણી તે સંસ્કૃત ભાષા. આર્યોની મૂળ ભાષા, આર્યોનું સાહિત્ય જેમાં લખાયેલું છે તે વૈદિક સંસ્કૃતમાંથી ઉત્પન્ન થયેલી ભાષા તે સંસ્કૃત ભાષા."[2]**

ભાષાનો મુખ્ય આધાર જ્યાં જિહ્વા અને સ્મરણશક્તિ ઉપર જ હોય ત્યાં વિકારો થતા વાર લાગતી નથી. આ નિયમાનુસાર વૈદિક ભાષામાં પણ અનેક વિકારો થતા ગયા. ઇ.સ. પૂર્વે 400 વર્ષ ઉપર પ્રખ્યાત વ્યાકરણકાર પાણિનીનું આ તરફ ધ્યાન ખેંચાયું. પતિત થતી આ મહત્ત્વપૂર્ણ ભાષાનો ઉદ્ધાર કરવા તેણે એક મોટું વ્યાકરણ રચી ભાષાને સુધારી 'સંસ્કૃત' એવું નામ આપ્યું.

સંસ્કૃત ભાષાનું મહત્ત્વ દર્શાવતો એક શ્લોક દૃષ્ટવ્ય છે :

**"भाषासु मधुरा मुख्या सेव्या संस्कृतभारती ।**

**संसारस्य समग्रस्य संस्कारार्थं प्रवाहिता ।।"[3]**

સંસ્કૃત ભાષાનું મહત્ત્વ અનન્ય છે. સાંસ્કૃતિક, રાજનૈતિક, બૌદ્ધિક-માનસિક, કલાત્મક, વ્યાવહારિક, સાહિત્યક વગેરે અનેકવિધ ક્ષેત્રોમાં સંસ્કૃત ભાષા પોતાનું આગવું મહત્ત્વ બક્ષે છે. એટલું જ નહિ, રાષ્ટ્રીય-એકતામાં પણ સંસ્કૃત ભાષાએ પોતાનું અમૂલ્ય યોગદાન બક્ષ્યું છે, જે નીચે દર્શાવેલ બાબતો દ્વારા સ્પષ્ટ થશે:

- દેશનું બંધારણીય નામ ભારત સંસ્કૃત શબ્દ છે.
- 'सत्यमेव जयते' - આ રાષ્ટ્રીય મુદ્રાલેખ સંસ્કૃત ભાષામાં છે.
- રાષ્ટ્રીય પક્ષી મોર, રાષ્ટ્રીય પુષ્પ કમળ, રાષ્ટ્રીય પ્રાણી વાઘની પસંદગીમાં સંસ્કૃત સાહિત્યનું પ્રદાન છે.
- સંસ્કૃત સાહિત્યમાં ભારતની મુખ્ય નદીઓ, પર્વતો, નગરો, પશુ-પંખીઓ, પુરુષો, ઉપવનોનો ઉલ્લેખ છે.
- સંસ્કૃત સાહિત્યમાં 'वसुधैव कुटुम्बकम्' ની ભાવના ઉજાગર થયેલ છે.
- રામાયણ, મહાભારત જેવી આદર્શ કૃતિઓ સંસ્કૃત સાહિત્યમાં છે.
- સમગ્ર રાષ્ટ્રના આદર્શ વ્યક્તિત્વો સંસ્કૃત સાહિત્યમાંથી મળ્યાં છે.

આમ, અનેક રાષ્ટ્રીય ઘટનાઓની આધારશિલા સંસ્કૃત છે. આટલું વૈવિધ્યસભર મહત્ત્વ ધરાવતી સંસ્કૃત ભાષાનું વર્તમાન શિક્ષણ સંસ્થાઓમાં મહત્ત્વ ઘટતું જતું હોય તેવી પ્રતીતિ થાય છે.

**"આજે તો શાળા કૉલેજોમાં સંસ્કૃત લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઉત્તરોત્તર ઘટતી જાય છે ને પાંચ-દસ વર્ષમાં સંસ્કૃત સાથે બી.એ., એમ.એ. તો શું, એસ.એસ.સી. થનારા પણ ગણ્યા ગાંઠયા છાત્રો જ મળી આવે તેવી સ્થિતિ છે... સંસ્કૃત તથા વેદનો આખો વૈભવપૂર્ણ વારસો જ નષ્ટ થવા બેઠો છે એને ઉગારવા માટે કોણ પ્રચંડ પુરુષાર્થ કરશે ?"[4]**

સને 1956-57 માં સંસ્કૃત આયોગને દેશભરમાં સંસ્કૃત શિક્ષણની પરિસ્થિતિ, સંસ્કૃતનું શિક્ષણમાં, લોકજીવનમાં અને દેશના સમગ્ર માળખામાં શું સ્થાન હતું, છે અને હોવું જોઇએ તેનો અભ્યાસ કરીને વિગતવાર અહેવાલ આપ્યો. આ અહેવાલ ચેતવણી આપે છે કે, **"આધુનિક શાળાઓ અને કૉલેજો તેમજ પ્રણાલિકાગત પાઠશાળાઓમાં સંસ્કૃત એક સરખી રીતે અને મૂંઝવણ જન્માવે એટલી હદે ક્ષય પામી રહ્યું છે. એ ગંભીર અને દયનીય સ્થિતિ પરત્વે આપણે આંખ મીંચામણા કરી ન જ શકીએ. બંને ક્ષેત્રે સંસ્કૃત હકીકતમાં કટોકટી ભરેલી સ્થિતિમાં છે."[5]**

અંતે, 'યોગ્ય નિદાન યોગ્ય ઉપચાર'-એ ઉક્તિને ધ્યાનમાં રાખી એમ કહી શકાય કે ભારતીય સંસ્કૃતિને બચાવનાર, જીવાડનાર સંસ્કૃત ભાષાના શિક્ષણમાં ઘણી ક્ષતિઓ છે, જેનાથી આપણે અજાણ છીએ. પ્રસ્તુત સંશોધન દ્વારા સંશોધકનો સંસ્કૃત શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ સુધી પહોંચવાનો પ્રયત્ન છે. તેમજ કેટલાક એવા વિકટ પ્રશ્નો છે, કે જે સંસ્કૃત શિક્ષણને મૂંઝવી રહ્યા છે. તેનો વૈજ્ઞાનિક દષ્ટિકોણ અનુસાર અભ્યાસ કરી પરિસ્થિતિનું વિશ્લેષણ કરી સમસ્યાઓના ઉપાય સુધી પહોંચી શકાય તો સંસ્કૃત વિષય શિક્ષણની સુધારણા શક્ય બને એવી શુભ ભાવનાથી પ્રેરાઇને સંશોધકે પ્રસ્તુત સંશોધન હાથ ધરવાનું નિર્ધાર્યું.

## 1.2 સમસ્યાકથન અને શબ્દોની વ્યાખ્યા

સંશોધકે પસંદ કરેલ સમસ્યાનું શીર્ષક નીચે મુજબ છે :

**દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ**

**Study of Present Status of Sanskrit Subject Education in Secondary Schools of South Gujarat**

પ્રસ્તુત સંશોધન શીર્ષક અંતર્ગત્ મહત્ત્વપૂર્ણ પારિભાષિક પદોની વ્યાખ્યા આ પ્રમાણે છે :

### 1.2.1 દક્ષિણ ગુજરાત

ભૌગોલિક દષ્ટિએ ગુજરાતનાં ચાર ભાગો પડે છે. સૌરાષ્ટ્ર, ઉત્તર-ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત. પ્રસ્તુત સંશોધન દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ હાથ ધરવાનું આયોજન હોવાથી ડાંગ, તાપી, નર્મદા, નવસારી, ભરૂચ, વલસાડ, સુરત જિલ્લાઓને દક્ષિણ ગુજરાતમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

### 1.2.2 માધ્યમિક વિદ્યાલયો

ગુજરાત સરકારે માધ્યમિક શિક્ષણની કરેલી વ્યાખ્યા અનુસાર શ્રેણી–8, 9 અને 10 ના તબક્કાના કુલ ત્રણ વર્ષ દરમિયાન શિક્ષણ આપતાં વિદ્યાલયોને માધ્યમિક વિદ્યાલયો ગણવામાં આવે છે, જે પ્રાથમિક શિક્ષણનાં સાત વર્ષ પછી આવતો ત્રણ વર્ષનો પ્રથમ તબક્કો ગણાય છે.

શિક્ષણ બોર્ડના અધિનિયમ અને રાષ્ટ્રીય શિક્ષણ પંચ (1964 - 66) દ્વારા ગુજરાત રાજ્યમાં 10 + 2 + 3 ની શિક્ષણની નવી તરેહ પૈકી ધોરણ આઠ, નવ અને દશના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા માટે જેને મંજૂરી આપવામાં આવી તે શાળાઓ એટલે માધ્યમિક વિદ્યાલયો.

માધ્યમિક વિદ્યાલયોની વ્યાખ્યા આપતા દેસાઇ, શાહ અને શાહ (1984) જણાવે છે :

**"પ્રાથમિક શાળા પછીના અને ઉચ્ચતર માધ્યમિક શાળાના પહેલાના ત્રણ વર્ગો."**[6]

### 1.2.3 સંસ્કૃત

આર્યાવર્તમાં આવેલા આર્યોની આ પ્રાચીન ભાષા છે. હાલ પણ કેટલેક ઠેકાણે આ ભાષા બોલાય છે. તેમાં સાહિત્ય ખેડાણ પણ થાય છે. ભારતના રાજ્ય બંધારણના કલમ આઠમાં ૧૧ માં ક્રમાંકે આ ભાષા પણ રાષ્ટ્રની એક ભાષા તરીકે સ્વીકારાયેલી છે.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સંસ્કૃતનો વિષય એટલે 10 + 2 + 3 શિક્ષણની નવી તરેહ અનુસાર માધ્યમિક શિક્ષણ કક્ષાએ એક વિષય તરીકે શીખવવામાં આવતો વિષય, જે માટેનાં પુસ્તકોનું પ્રકાશન ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન' ગાંધીનગર 382010 સેક્ટર –10–એ દ્વારા કરવામાં આવે છે.

### 1.2.4 વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિઓ

'વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિઓ' ને સંશોધકે નીચેના મુદ્દાઓમાં વ્યાખ્યાયિત કરી છે.

સંસ્કૃત વિષય શિક્ષણના હેતુઓ અને તેની ફલશ્રુતિ, સંસ્કૃત વિષયનો અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક, સંસ્કૃત વિષયની અધ્યાપન પદ્ધતિઓ, સંસ્કૃત વિષય શિક્ષણનાં સાધનો અને તેની ઉપલબ્ધિ, સંસ્કૃત વિષય અને સંદર્ભ

સાહિત્ય, સંસ્કૃત વિષય અને ગૃહ કાર્ય, સંસ્કૃત વિષય અને પ્રવૃત્તિઓ, સંસ્કૃત વિષય શિક્ષણની સમસ્યાઓ, સંસ્કૃત વિષયનું મૂલ્યાંકન અને પરિણામો સંદર્ભમાં શિક્ષકો દ્વારા અભિપ્રાયોની જાણકારી પ્રાપ્ત કરવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાતી જાહેર પરીક્ષાઓ પૈકી ધોરણ-10 માં લેવાયેલ સંસ્કૃત વિષયનાં (છેલ્લાં દસ વર્ષોનાં) પરિણામોની જાણકારી મેળવવાનો પણ ઉપક્રમ છે.

## 1.3 સંશોધનના હેતુઓ

કોઈપણ કાર્યની સફળતા માટે તેના હેતુઓ નિર્ધારિત કરવા અતિ આવશ્યક છે. હેતુવિહીન કાર્યની કલ્પના જ ન કરી શકાય. **"No Planning and Programming can be effective unless the aims and objectives are clear."**[7]

સંસ્કૃતમાં પણ કહેવાયું છે કે -

**"प्रयोजनमनुदिश्य न हि मूर्खोऽपि प्रवर्तते ।"**[8] અર્થાત્ પ્રયોજન વિના મૂર્ખ માણસ પણ પ્રવૃત્તિ કરતો નથી.

જ્યારે મૂર્ખ માણસ પણ પોતાનું દરેક કાર્ય હેતુને ઉદ્દેશીને કરે છે તો પછી બુદ્ધિશાળી માણસને ઉચિત એવું સંશોધન કાર્ય તો હેતુવિહીન હોઇ શકે જ કેવી રીતે ?

પ્રસ્તુત સંશોધન નીચે જણાવેલ હેતુઓને ધ્યાનમાં રાખી હાથ ધરવામાં આવ્યો છે.

(1) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષયનું અધ્યાપન કરતાં શિક્ષકોની શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, જાતીયતા અને જાતિ વિષયક જાણકારી મેળવવી.

(2) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણના હેતુઓ અને તેની ફલશ્રુતિ સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

(3) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષયનો અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

(4) દક્ષિણ ગુજરાતનાં માધયમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણના અધ્યાપન માટે શિક્ષકો દ્વારા ઉપયોગમાં લેવાતી શિક્ષણ પદ્ધતિની વિશેષતાઓ વિશે શિક્ષકોના અભિપ્રાયોની જાણકારી મેળવવી.

(5) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષયના અધ્યાપન કાર્ય દરમિયાન ઉપયોગી શૈક્ષણિક ઉપકરણોની ઉપલબ્ધિ અને ઉપયોગ વિશે શિક્ષકોના અભિપ્રાયો પ્રાપ્ત કરવા.

(6) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણના અધ્યયન-અધ્યાપન કાર્ય દરમિયાન જરૂરી એવા સંદર્ભ સાહિત્યની પ્રાપ્તિ અને ઉપયોગિતા વિશે શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

(7) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષયના મહાવરા માટે તેમજ સ્વ અધ્યયનની ટેવો વિકસાવવા વિદ્યાર્થીઓને અપાતાં ગૃહ કાર્ય અને તેની તપાસ સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

(8) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણ અંતર્ગત સ્પર્ધાઓ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે શિક્ષકોના અભિપ્રાયોની જાણકારી મેળવવી.

(9) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં શિક્ષણનાં અધ્યયન-અધ્યાપન કાર્ય દરમિયાન ઉદ્‌ભવતી સમસ્યાઓ અંગે તેમજ સમસ્યાઓના ઉકેલ સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

(10) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષયનાં મૂલ્યાંકન અને પરિણામો સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.

(11) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ સંદર્ભમાં વિદ્યાર્થીઓ પાસે માહિતી એકત્ર કરવી.

(12) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણના હેતુઓ અને તેની ફલશ્રુતિ, સંસ્કૃત વિષયનો અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક સંદર્ભે પાઠ્યપુસ્તકના રચયિતા અને તજજ્ઞોના અભિપ્રાયો પ્રાપ્ત કરવા.

(13) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાતી જાહેર પરીક્ષાઓ પૈકી ધોરણ-10 ના સંસ્કૃત વિષયનાં પરિણામોનો અભ્યાસ હાથ ધરવો.

## 1.4 સંશોધનના પ્રશ્નો

પ્રસ્તુત સંશોધન આ મુજબના પ્રશ્નોના ઉત્તરો પ્રાપ્ત કરવા અર્થે હાથ ધરવામાં આવ્યો છે.

(1) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષયનું અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, જાતીયતા અને જાતિ અંગેની પરિસ્થિતિ કયા પ્રકારની છે ?

(2) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણના હેતુઓ અને તેની ફલશ્રુતિ સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો કેવા છે ?

(3) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષયનો અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો કેવા જોવા મળે છે ?

(4) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષયના અધ્યાપન કાર્ય માટે ઉપયોગમાં લેવાતી શિક્ષણ પદ્ધતિઓની કેવા પ્રકારની વિશેષતાઓ રહેલી છે ?

(5) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષયના અધ્યાપન કાર્ય માટે જરૂરી ઉપકરણો અને તેના ઉપયોગ વિશે શિક્ષકો કેવા અભિપ્રાયો આપે છે ?

(6) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષયના અધ્યયન-અધ્યાપન કાર્ય દરમિયાન સંદર્ભ સાહિત્યની ઉપલબ્ધિ અને ઉપયોગ સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો કેવા જોવા મળે છે ?

(7) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષયના મહાવરા માટે તેમજ વિદ્યાર્થીઓમાં સ્વ અધ્યયનની ટેવો વિકસાવવા વિદ્યાર્થીઓને અપાતાં ગૃહ કાર્ય અને તેની તપાસ સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો કેવા છે ?

(8) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણ અંતર્ગત સ્પર્ધાઓ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિષયક શિક્ષકોના અભિપ્રાયો કેવા જોવા મળે છે ?

(9) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણના અધ્યયન-અધ્યાપન કાર્ય દરમિયાન કેવા પ્રકારની સમસ્યાઓ તેમજ સમસ્યાઓના ઉકેલો સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો કેવા જોવા કળે છે ?

(10) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષયના અધ્યયન-અધ્યાપન કાર્યને અંતે મૂલ્યાંકન કરવા માટે કેવા પ્રકારની પદ્ધતિ અપનાવવામાં આવે છે ?

(11) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ સંદર્ભમાં વિદ્યાર્થીઓ શો નિર્દેશ કરે છે ?

(12) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણના હેતુઓ અને તેની ફલશ્રુતિ, સંસ્કૃત વિષયનો અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક સંદર્ભે પાઠ્યપુસ્તકના રચયિતા અને તજજ્ઞોના અભિપ્રાયો કેવા છે ?

(13) દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં ધોરણ-10 ના સંસ્કૃત વિષયનાં પરિણામો અન્ય વિષયની તુલનામાં કેવાં છે ?

## 1.5 સંશોધનનું મહત્ત્વ

**"સંશોધન એ હકીકતો કે સિદ્ધાંતોને ખોળવા માટેનું કાળજીપૂર્વકનું અને વિવેચનાત્મક શોધન છે. કોઇક બાબતની ખાતરી કરવા માટેનું ચીવટાઇભર્યું શોધન છે."[9]**

**વેબસ્ટર્સ ન્યુ ઇન્ટરનેશનલ ડિક્ષનરી**

પ્રસ્તુત સંશોધનનું મહત્ત્વ આ મુજબનું રહ્યું છે.

(1) પ્રસ્તુત સંશોધન દ્વારા દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષયનો અભ્યાસક્રમ, અધ્યાપન પદ્ધતિઓ, શૈક્ષણિક ઉપકરણો, સંદર્ભ સાહિત્ય, ગૃહકાર્ય, પ્રવૃત્તિઓ-સ્પર્ધાઓ, સંસ્કૃત વિષયની સમસ્યાઓ, પરિણામો વગેરે વિષયક પ્રવર્તમાન પરિસ્થિતિ શી છે તે જાણવા મળશે.

(2) સંસ્કૃત વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિમાં કેટલા સુધારા કરવા જોઇએ અને ઉપસ્થિત સમસ્યાઓના ઉકેલો કેવી રીતે મેળવવા તે અંગે પ્રસ્તુત સંશોધન મહત્ત્વનું બની રહેશે.

(3) પ્રસ્તુત સંશોધન માધ્યમિક કક્ષાએ સંસ્કૃત વિષયનું અધ્યાપન કરાવતા શિક્ષકોને માટે પથદર્શક બની રહેશે.

(4) પ્રસ્તુત સંશોધન માધ્યમિક શિક્ષણ સ્તરે સંસ્કૃત વિષયનો અભ્યાસક્રમ ઘડનારાઓને માટે પણ સવિશેષ ઉપકારાક થશે.

(5) પ્રસ્તુત સંશોધન આ પ્રકારનાં અન્ય સંશોધનો માટે પણ પ્રેરણારૂપ નીવડશે.

(6) પ્રસ્તુત સંશોધન સંસ્કૃત વિષયને વધું પ્રોત્સાહિત કરીને સંસ્કૃત વિષય શિક્ષણની ગુણવત્તા વધારવા માટે અવશ્ય પથદર્શકરૂપ નીવડશે.

(7) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત સંસ્કૃત વિષયનાં પાઠ્યપુસ્તકોની સંરચના અર્થે પણ પ્રસ્તુત સંશોધન ઉપયોગી બની રહેશે.

(8) સંસ્કૃત વિષયમાં રસ ધરાવનાર સંશોધન કરનાર અન્ય જિજ્ઞાસુઓને પણ પ્રસ્તુત સંશોધન દીવાદાંડી રૂપ અવશ્ય બની રહેશે.

## 1.6 સંશોધનનું સીમાંકન

પ્રત્યેક સંશોધનનું ક્ષેત્ર વિશાળ હોય છે. તેથી કોઇપણ સંશોધન સર્વાંગ સંપૂર્ણ થઇ શકે નહિ. દરેક સંશોધક સમય, સ્થળ અને નાણાની દષ્ટિએ સંશોધનની કેટલીક મર્યાદાઓ સ્વીકારીને પોતાનું સંશોધન હાથ ધરે છે. પ્રસ્તુત સંશોધનની પણ આ મુજબની મર્યાદાઓ રહી છે :

(1) પ્રસ્તુત સંશોધન દક્ષિણ ગુજરાતનાં ગુજરાતી માધ્યમના અને સંસ્કૃત વિષયનું અધ્યયન – અધ્યાપન કરાવતાં 1209 માધ્યમિક વિદ્યાલયો પૈકી 605 ( 50% ) માધ્યમિક વિદ્યાલયોના સંસ્કૃત વિષયના 839 શિક્ષકો પૂરતું સીમિત છે.

(2) પ્રસ્તુત સંશોધનમાં નમૂનામાં સમાવિષ્ટ થતાં સંસ્કૃત વિષયના 839 શિક્ષકો પૈકી 830 શિક્ષકો દ્વારા પ્રાપ્ત થયેલી માહિતીને ધ્યાનમાં લીધી છે.

(3) પ્રસ્તુત સંશોધન દક્ષિણ ગુજરાતનાં જિલ્લા દીઠ નમૂનામાં સમાવિષ્ટ માધ્યમિક વિદ્યાલયોનાં 5 % વિદ્યાલયો ( 32 વિદ્યાલયો ) નાં ધોરણ દીઠ એક – એક વર્ગો પૈકી 4716 વિદ્યાર્થીઓ પૂરતું જ રહ્યું છે.

(4) પ્રસ્તુત સંશોધનની માહિતી એકત્ર કરવા માટે સંશોધનનાં વિવિધ ઉપકરણો પૈકી માધ્યમિક વિદ્યાલયોના શિક્ષકો માટે સંશોધક દ્વારા સંરચિત અભિપ્રાયાવલિ, માધ્યમિક વિદ્યાલયોના વિદ્યાર્થીઓ માટે સંશોધક દ્વારા સંરચિત પ્રશ્નાવલિ તેમજ પાઠ્યપુસ્તકના રચયિતાઓ અને તજજ્ઞો માટે સંશોધક દ્વારા સંરચિત સાક્ષ્યપત્રકનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે.

(5) પ્રસ્તુત સંશોધન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રાપ્ત થયેલ દસ્તાવેજી સાહિત્યમાંથી પ્રાપ્ત થયેલી માહિતી પૂરતો જ મર્યાદિત છે. તેમજ શાળાના સમગ્ર અને સંસ્કૃત વિષયનાં પરિણામોનો અભ્યાસ પણ છેલ્લાં દશ વર્ષનો જ રહ્યો છે.

(6) પ્રસ્તુત સંશોધનની માહિતી એકત્ર કરવા માટે માધ્યમિક વિદ્યાલયો અને વિદ્યાલયોના ધોરણ દીઠ એક – એક વર્ગોની તેમજ પાઠ્યપુસ્તકના રચયિતા અને તજજ્ઞોની પસંદગી માટે નમૂના પસંદગીની વિવિધ રીતો પૈકી યાદૃચ્છિક નમૂના પસંદગીની રીત અપનાવવામાં આવી છે.

(7) પ્રસ્તુત સંશોધન માધ્યમિક શિક્ષણ સ્તરે અન્ય વિષયો પૈકી સંસ્કૃત વિષય પૂરતું જ મર્યાદિત છે.

(8) પ્રસ્તુત સંશોધન માટે સંશોધનની વિવિધ પદ્ધતિઓ પૈકી કેવળ સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ થયો છે.

(9) પ્રસ્તુત સંશોધન અર્થે પ્રાપ્ત થયેલ અંકશાસ્ત્રીય માહિતીનું વિશ્લેષણ, ટકાવારી, સરેરાશ ગુણભાર, કાઈવર્ગ મૂલ્ય અગ્રતાક્રમ નિર્ધારિત કરવા પૂરતું જ મર્યાદિત છે. આ ઉપરાંત પ્રાપ્ત થયેલ ગુણાત્મક માહિતીનું સામાન્યીકરણ કરવા પૂરતું જ પ્રસ્તુત સંશોધન મર્યાદિત છે.

## 1.7 આગામી પ્રકરણોનું આયોજન

પ્રસ્તુત સંશોધનને કુલ છ પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. જેમાં પ્રસ્તુત પ્રથમ પ્રકરણમાં સંશોધકે સમસ્યાકથન અને શબ્દોની વ્યાખ્યા, સંશોધનના હેતુઓ, સંશોધનના પ્રશ્નો, સંશોધનનું મહત્ત્વ અને સંશોધનનું સીમાંકન જેવી બાબતોની વિસ્તૃત ચર્ચા હાથ ધરી છે.

હવે પછીના દ્વિતીય પ્રકરણમાં 'સંસ્કૃત ભાષાના પરિપ્રેક્ષ્યમાં...' સંસ્કૃત ભાષા વિષયક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓની વિસ્તૃતપણે અને વિશદ ચર્ચા હાથ ધરવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે.

આગામી તૃતીય પ્રકરણમાં સંશોધકે હાથ ધરેલ સંશોધનના સંદર્ભમાં પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા નોંધવામાં આવનાર છે. જેમાં પ્રારંભિક તબક્કે ભારતમાં થયેલાં અને વિદેશમાં થયેલાં સંશોધનોની સમીક્ષા નોંધીને ત્યારબાદ પ્રસ્તુત સંશોધનની વિશિષ્ટતાઓ દર્શાવાશે.

ચોથા પ્રકરણમાં સંશોધકે હાથ ધરેલ સંશોધનના સંદર્ભમાં સંશોધનની આધારશિલા અને સંશોધન યોજનાનો નિર્દેશ કરવાનો ઉપક્રમ રાખ્યો છે. જેમાં વિશેષતઃ વિષયનો ઉદ્‌ભવ, સંશોધન પદ્ધતિ, વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી, ઉપકરણોની સંરચના, માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણની રીત જેવા વિવિધ પાસાંની ચર્ચા કરવામાં આવશે.

પાંચમાં પ્રકરણમાં સંશોધકે ઉપકરણોને આધારે પ્રાપ્ત માહિતીનું દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ પ્રમાણે પૃથક્કરણ અને અર્થઘટન કરવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે.

સંશોધનનાં અંતિમ અને છઠ્ઠા પ્રકરણમાં સંશોધકે સંશોધનનો સાર, દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ પ્રમાણે સંશોધનનાં મુખ્ય તારણો, શૈક્ષણિક સૂચિતાર્થો તેમજ ભાવિ સંશોધનનાં ક્ષેત્રો અંગેની ભલામણોની માહિતી નોંધવામાં આવશે.

હવે પછીના આગામી દ્વિતીય પ્રકરણમાં 'સંસ્કૃત ભાષાના પરિપ્રેક્ષ્યમાં...' સંશોધકે સંસ્કૃત ભાષાનું મહત્ત્વ, સંસ્કૃત શિક્ષણની ઐતિહાસિક ભૂમિકા, સંસ્કૃત શિક્ષણ અને તત્વજ્ઞાન, સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત ભાષામાં વ્યકત થતા જીવન મૂલ્યો, સંસ્કૃત અને પર્યાવરણ જાળવણી, સંસ્કૃત ભાષાના મુખ્ય સારસ્વતો, સંસ્કૃત ભાષાનો અન્ય વિષયો ઉપર પ્રભાવ, સંસ્કૃતમાં નારી ગૌરવ તથા દક્ષિણ ગુજરાતનું સંસ્કૃત ક્ષેત્રે પ્રદાન વગેરે સંસ્કૃત ભાષા વિષયક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓની વિસ્તૃતપણે વિશદ ચર્ચા હાથ ધરવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે.

## સાહિત્ય નિર્દેશ


(1) એન. એચ. જોગલેકર, અને બી. એચ. તિવારી, (1964). ***राष्ट्रभाषा विचार संग्रह.*** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય. પૃ.39.

(2) ભગવતસિંહજી. (1955). ***ભગવદ્ ગોમંડલ.*** રાજકોટ : પ્રવીણ પ્રકાશન, ગુજરાત રાજ્ય. પૃ.8694.(ભાગ-9).

(3) વી. વી. પાઠક, (1996). ***संस्कृतम्.*** અમદાવાદ : પાર્શ્વ પ્રકાશન. ગુજરાત રાજ્ય. પૃ.09.

(4) સંસ્કૃત અને વેદ-અગ્રલેખ, ***ગુજરાતમિત્ર અને ગુજરાત દર્પણ,*** અંક-207, વર્ષ-40, સુરત : પ્રવીણકાંત ઉત્તમરામ રેશમવાળા, ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા. તા. 18 જૂન 1976. પૃષ્ઠ-04.

(5) Report of Sanskrit commission, (1957). New Delhi : ***Ministry of Education and scientific Research Government of India.*** P.-25.

(6) કે. જી. દેસાઇ, અને જે. એચ. શાહ, અને આર. પી. શાહ, (1984). ***શૈક્ષણિક પરિભાષા અને વિભાવના.*** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય. પૃ.41.

(7) W. Kimball, (1950). ***Supervision for Better School,*** New York : Prentice Hall of India, P. 38.

(8) એસ. એમ. પંડ્યા, અને એચ. ડી. માધવ, (1990). ***काव्यप्रकाश.*** અમદાવાદ : પાર્શ્વ પ્રકાશન, ગુજરાત રાજ્ય. પૃ.138. (ઉલ્લાસ-1).

(9) V. K. Gokak, (1964). ***Vebstur's New International Dictionary.*** New York : Asia Publishing House. P. 69.